# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રારંભ** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ-૧ : ઘનશ્યામ ચરિત્ર - ૨૨મી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૬

**પ્રશ્ન.૧. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. હાથીને પાણીમાંથી બહાર કોણ લાવ્યું ? ૪૬
૨. ઘનશ્યામ શું લઈને કંદોઈની દુકાને ગયા ? ૩૬
૩. કઈ ગાય બે વખત દૂધ આપતી ? ૧૩
૪. ભક્તિમાતાએ ઘનશ્યામને ટાઢી ખીચડી ખાવાની શા માટે ના પાડી ? ૧૫
૫. ગુંડા ગામના મંદિરમાં ઠાકોરજીએ શું કર્યું ? ૪૧

**પ્રશ્ન.૨. નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે લખો.** (૮ ગુણ)

૧. ''આ બાવો ખોટો ઉપદેશ કરે છે.'' ૫૬
૨. ''તમે ખેતર સાચવવા જજો.'' ૨૨
૩. ''અમારા માટે અમારું જુદું વહાણ જોઈએ છે.'' ૬૧
૪. ''તમે મારા પુત્રનું નામ પાડી આપો અને ભવિષ્ય ભાખો.'' ૬

**પ્રશ્ન.૩. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (૫ ગુણ)

૧. બાળમિત્રોને જમાડવા સોનાના થાળમાં .................... સ્ત્રીઓ પકવાન લાવી. (નવ, આઠ, ત્રણ) ૪૯
૨. બાળમિત્રો સાથે ઘનશ્યામ પાણીમાં .................... રમત રમ્યા. (આંબલીપીપળી, સંતાકૂકડી, દોડપકડ) ૨૬
૩. ઘનશ્યામે કહ્યું, 'મને ..................... ખાવા આપો તો કાન વીંધાવીશ.' (ગોળ, દહીં, માખણ) ૯
૪. વ્રજવિહારી બ્રાહ્મણને .................... મોઢે હતું. (ગીતા, મહાભારત, વચનામૃત) ૭૩
૫. ઘનશ્યામના નાના ભાઈ ....................... હતા. (નંદરામ, ઇચ્છારામ, અયોધ્યાપ્રસાદ) ૬૭

**પ્રશ્ન.૪. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** (૫ ગુણ)

૧. સરયૂને તીરે (૮૧) ૨. સિદ્ધિઓ પ્રભુની સેવામાં (૧૧) ૩. ખાંપા તલાવડી (૩૭)

**પ્રશ્ન.૫. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો.** (૫ ગુણ)

| 'અ' | | 'બ' | |
|---|---|---|---|
| ૧. ભૂતિયો કૂવો | ☐ | ૧. છપૈયા | ૩૦ |
| ૨. મુમુક્ષુ કઈ દિશામાં છે ? | ☐ | ૨. અયોધ્યા | ૨૮ |
| ૩. પ્રાણીઓની હિંસા બંધ કરાવી | ☐ | ૩. તીનવા | ૪૩ |
| ૪. જનોઈ આપી | ☐ | ૪. ગુંડા | ૫૭ |
| ૫. સોળ ચિહ્નો | ☐ | ૫. બલ્લમપઢરી | ૪૦ |
| | | ૬. કાશી | ૭૬ |
| | | ૭. કાનપુર | ૪૨ |

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. કાલિદત્તે પોતાનું શરીર આકાશ સુધી ઊંચું કર્યું. ૧૮
૨. કૃત્યાઓએ છપૈયા જવાની ના પાડી. ૪
૩. રામદયાળને ચોક્કસ ખાતરી થઈ કે ઘનશ્યામ ભગવાન જ છે. ૬

### વિભાગ-૨ : યોગીજી મહારાજ - ૧૫મી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૬

**પ્રશ્ન.૭. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. લોધિકાના દરબારને ઝીણાભાઈએ શું કહ્યું ? ૧૭
૨. યુવકો માટે યોગીજી મહારાજ શું કહેતા ? ૩૬
૩. બીજા બાળકો ઝીણાભાઈની પાટીમાંથી ચોરી કરીને લખી લે ત્યારે ઝીણાભાઈ શું કહેતા ? ૫
૪. કુબેરભાઈ ક્યાંના હરિભક્ત હતા ? ૨૭
૫. યોગીજી મહારાજે નિત્ય શાનો પાઠ કરવાનું કહ્યું છે ? ૪૮

**પ્રશ્ન.૮. નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે લખો.** (૮ ગુણ)

૧. ''તમને ઘરે નાસી જવાનું મન નથી થતું.'' ૨૧
૨. ''સૌને નીતિ, ધર્મના સંસ્કાર આપ્યા તે ખરેખર પ્રશંસનીય વાત છે.'' ૪૫
૩. ''તમારે ઑપરેશન કરાવવું પડશે.'' ૩૩
૪. ''હવે તેની પ્રતિષ્ઠા યોગીજી મહારાજ કરશે.'' ૩૪

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પ્રારંભ; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. ૩૦

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐
પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐
પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૯. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **(૫ ગુણ)**

૧. .......................... ગામમાં દ્વેષી સાધુઓએ યોગીજી મહારાજ અને બીજા સંતોને માર્યા. (ગઢડા, મેંગણી, કેરિયા) ૨૧
૨. ઝીણાભાઈને ધારી મંદિરની સેવા .................................. એ સોંપી. (મોહનકાકા, દેવચંદભાઈ, જેઠાભાઈ) ૮
૩. સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી ઝીણા ભગતને ત્યાગીની દીક્ષા મળ્યા પછી ....................... કહીને બોલાવતા. (જ્ઞાનજીવનદાસજી, યોગી, જ્ઞાનજી સ્વામી) ૧૯
૪. યોગીજી મહારાજ નિશાળમાં ભણતા વિદ્યાર્થીને રોજ ............. કલાક વાંચવાનું કહેતા. (૩, ૪, ૮) ૪૭
૫. યોગીજી મહારાજ સંવત ................... માં પ્રથમવાર આફ્રિકા પધાર્યા. (૨૦૧૨, ૨૦૦૭, ૨૦૧૫) ૪૪

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** **(૫ ગુણ)**

૧. કૃષ્ણજી અદાના આશીર્વાદ (૧૯)   ૨. ઝીણાભાઈ જૂનાગઢમાં (૧૦)   ૩. યુવાનોને દીક્ષા (૩૮)

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** **(૬ ગુણ)**

૧. યોગીજી મહારાજે સાધુ નારાયણપ્રસાદને જીતી લીધા. ૨૬
૨. ઝીણાભાઈને શિક્ષકો સાધુ થઈ જવાનું કહેતા. ૭
૩. યોગીજી મહારાજ સમગ્ર વિશ્વના છે. ૪૩

## વિભાગ-૩ : કિશોર સત્સંગ પ્રારંભ - પંદરમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૦૬

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **(૭ ગુણ)**

૧. કઈ ટેવો બહુ ખરાબ છે ? ૪૦
૨. ભડલીના ભાણ ખાચરે શું જાહેર કર્યું ? ૧૮
૩. ગુણાતીતાનંદ સ્વામીનું બાળપણનું નામ શું હતું ? ૨૭
૪. મહારાજે વજીબા પાસે પલંગ માંગતા અંતર્યામીપણે શું કહ્યું ? ૪૮
૫. સંતો કેવી રીતે સત્સંગ કરાવતા ? ૧૦
૬. કોનું ભજન કરવું જોઈએ ? ૨
૭. શ્રીજીમહારાજની માણકી ઘોડી માટે લીલુંછમ ખડ લાવવાની સેવા કોણ કરતું હતું ? ૪૨

**પ્રશ્ન.૧૩. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૬ ગુણ)**

૧. જોધો ભરવાડ નાની બોરુ ગામનો હતો. ૨૩
૨. પ્રાર્થના અને ધૂન કરતાં આપણે માતાપિતાને યાદ કરવા જોઈએ. ૪૫
૩. યજ્ઞપુરુષદાસને બધા શાસ્ત્રીજી મહારાજ કહેતા. ૩૮
૪. બીબીએ મહારાજને પયગંબર સમજીને દાતણ આપ્યું. ૨૬
૫. મહારાજના સંત અખંડાનંદ સ્વામીને જંગલમાં વાઘ મળ્યો. ૧૪
૬. પૂજામાં પશ્ચિમ દિશા તરફ મુખ રાખી બેસવું. ૮

**પ્રશ્ન.૧૪. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **(૬ ગુણ)**

૧. પ્રભુદાસ સમાધિમાં મહારાજ પાસેથી ....................... ની પ્રસાદી લાવતા. (ચીભડાં, સાકર, પેંડા) ૪૪
૨. નીલકંઠ. ........................... વેશે ફરતા. (બ્રહ્મચારી, ગૃહસ્થ, સાધુ) ૬
૩. મહારાજે વાસુર ખાચરને ............................ દંડ ન કરવાની આજ્ઞા કરી. (નિર્દયપણે, દયાભાવથી, વેરભાવથી) ૩૬
૪. પ્રાર્થના એટલે ......................... (આપવું, લેવું, માગવું) ૪
૫. ભગવાનના ભજનની ટેવ .......................... માં પાડવી જોઈએ. (નાનપણ, યુવાની, ઘડપણ) ૧
૬. શ્રીજીમહારાજ ગંગામાએ બનાવેલા .................. બહુ વખાણતા. (લાડુ, દાળભાત, રોટલા) ૧૩

**પ્રશ્ન.૧૫. નીચેનાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **(૮ ગુણ)**

૧. ભાવ ધરીને ...... બ્રહ્મ અને પરબ્રહ્મ. ૪૯
૨. અમે સૌ શ્રીજીતણા ...... ગુણાતીત સ્વામી. શૌર્યગીત
૩. સ્વસ્થાનં ...... ચ ॥ ૧૦
૪. અથાણાં શાક ...... બનાવી સારી. ૨૩

**પ્રશ્ન.૧૬. નીચેનામાંથી કોઈ પણ એક 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં)** **(૫ ગુણ)**

૧. કરોડ કામ બગાડીને ...... (૩૩)   ૨. કોઈ ભગવાન સંભારે ...... (૩૧)

**પ્રશ્ન.૧૭. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**વિષય :- સામત પટેલ (૨૦)**

**૧.** ભૂમાનંદ સ્વામીને ચાર દિવસના એકસાથે ઉપવાસ થયા. **૨.** એક સંતે ભૂમાનંદ સ્વામીને ઘઉંનો પોંક આપ્યો. **૩.** દુનિયામાં જે કાંઈ વસ્તુ દેખાય છે તે બધાના માલિક ભગવાન છે. **૪.** દાણા વગર તમારાં છોકરાં ભૂખ્યા મરે. **૫.** મહારાજ તેમનો ભાવ જોઈ થાળમાં કહ્યા પ્રમાણેની વાનગી તેમના દેખતા જમ્યા. **૬.** સાડા ચાર હજાર રૂપિયાનો ઢગલો મહારાજ પાસે કર્યો. આ આટલા બધા રૂપિયા ક્યાંથી લાવ્યા ? **૭.** પોતાની જમીન, ગાડું, બળદ, ભેંસો વેચી દીધાં. **૮.** દરેક વસ્તુ પ્રસાદીની કરીને જ વપરાય. **૯.** અમારે થોડા રૂપિયા જોઈએ છે તે આપશો ? **૧૦.** હું તો એક હજાર રૂપિયા રાખીશ. બાકીના લઈ જાઓ.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ - ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**